નવસારી કૃષિ યુનિવર્સિટી સ્ટાફ સ્પોર્ટસ કલબ (સૂચિત)
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી-૩૯૬ ૪૫૦

તા. ૦૨/૧૨/૨૦૨૪

# પરીપત્ર

સહર્ષ જણાવવાનું કે નવસારી કૃષિ યુનિવર્સિટીના કર્મચારી/અધિકારીઓની કાર્યક્ષમતા અને ભાઈચારો વધે એવા શુભ આશયથી એન. એ. યુ. સ્ટાફ સ્પોર્ટસ કલબ (સુચિત) ના નેજા હેઠળ વર્ષ ૨૦૨૪–૨૫ માટે યુનિવર્સિટીના કર્મચારી/અધિકારીઓ માટે નીચેની વિગતે ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન આગામી **તા. ૭, ૮ અને ૯ ડિસેમ્બર, ૨૦૨૪** દરમ્યાન કરવામાં આવેલ છે. જેમાં નવસારી કૃષિ યુનિવર્સિટીઓના તમામ યુનિટ/સબયુનિટ (મહાવિદ્યાલયો તેમજ સંશોધન કેન્દ્રો)ને ભાગ લેવા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવે છે.

| સ્પર્ધાનું નામ | એન્ટ્રી ફી (રૂા.) | ખેલાડીઓની સંખ્યા | | |
|---|---|---|---|---|
| | | કાયમી | હંગામી | કુલ |
| ક્રિકેટ | ૨૧૦૦/– | ૯ | ૬ | ૧૫ |

ભાગ લેનાર દરેક યુનિટ ટીમના સભ્યોની યાદી સ્પર્ધા દીઠ આ સાથે સામેલ સ્પર્ધા પત્રક મુજબ ટીમની જરૂરી વિગતો ભરી યુનિટ હેડના સહી સિકકા સાથેની હાર્ડ કોપી નીચે મુજબના સરનામે અથવા સોફટકોપી નીચે મુજબના ઈમેલ આઈ.ડી. પર તા.૦૫/૧૨/૨૦૨૪ (ગુરુવાર) સુધીમાં સાંજે ૫.૦૦ કલાકે પહેલા અચુક મોકલી આપવા વિનંતી છે. આપેલ સમય પછીના આવેલ ટીમોનો સદર ટુર્નામેન્ટમાં સમાવેશ કરવામાં આવશે નહી.

વધુમાં આ સાથે સામેલ શરતોનું તમામ ટીમોએ પાલન કરવાનું રહેશે.

**નોંધ: (૧) ભાઈઓની સ્પર્ધા માટે રાજય કક્ષાએ આંતર યુનિવર્સિટી સ્પર્ધાનું આયોજન જુનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતે કરેલ હોય, સારા ઉત્કૃષ્ટ દેખાવ કરનાર ખેલાડીનુ સીલેકશન કમિટી ધ્વારા પસંદગી કરવામાં આવશે.**

સામેલ : પત્રક ૧ ટુર્નામેન્ટના નિયમો તથા ટુર્નામેન્ટની રૂપરેખા

મંત્રી
**એન. એ. યુ. સ્ટાફ સ્પોર્ટસ કલબ (સુચિત), ન.કુ.યુ.**

**સંપર્ક:** ડો. બી.એમ.ટંડેલ, સભ્યશ્રી, એન. એ. યુ. સ્ટાફ સ્પોર્ટસ કલબ (સુચિત), ન.કુ.યુ., ફળ વિજ્ઞાન વિભાગ,
અસ્પી બાગાયત મહાવિદ્યાલય, ન.કુ.યુ., નવસારી, મો. ૮૧૨૮૯૯૦૪૫૩, ઈમેલ: hariombhupi@nau.in
શ્રી ધર્મેશ આઈ. પટેલ, સભ્યશ્રી, એન. એ. યુ. સ્ટાફ સ્પોર્ટસ કલબ (સુચિત), ન.કુ.યુ., હિસાબ નિયામકશ્રીની કચેરી,
ન.કુ.યુ., નવસારી, મો. ૯૭૨૫૪૯૩૮૪૨

<u>**પત્રક-૧**</u>

પ્રતિ,
પ્રમુખ/મંત્રીશ્રી,
નવસારી કૃષિ યુનિવર્સિટી સ્ટાફ સ્પોટ્ર્સ ક્લબ (સૂચિત)
નવસારી કૃષિ યુનિવર્સિટી,
નવસારી

સહર્ષ જણાવવાનું કે નવસારી કૃષિ યુનિવર્સિટી સ્ટાફ સ્પોટ્ર્સ ક્લબ (સૂચિત) દ્વારા આયોજીત ક્રિકેટ ટુર્નામેન્ટમાં અમારી ટીમને પ્રવેશ આપવા વિનંતી છે. જે માટે નીચેની વિગતે ખેલાડીઓ હાજર રહેશે.

| | |
|---|---|
| **ભાગ લેનાર યુનિટનું નામ:** | |
| **કેપ્ટનનું નામ :-** | **મોબાઈલ નં.** |
| **વાઈસ કેપ્ટનનું નામ :** | **મોબાઈલ નં.** |

| **ક્રમ** | **ખેલાડી/કર્મચારીનું નામ** | **હોદ્દો** | **કાયમી/કરારી** | **મોબાઈલ નંબર** |
|---|---|---|---|---|
| ૧ | | | | |
| ૨ | | | | |
| ૩ | | | | |
| ૪ | | | | |
| ૫ | | | | |
| ૬ | | | | |
| ૭ | | | | |
| ૮ | | | | |
| ૯ | | | | |
| ૧૦ | | | | |
| ૧૧ | | | | |
| ૧૨ | | | | |
| ૧૩ | | | | |
| ૧૪ | | | | |
| ૧૫ | | | | |

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે ઉપર દર્શાવેલ કર્મચારીઓ યુનિવર્સિટીના કાયમી તથા કરારી કર્મચારીઓ છે. ક્રિકેટ ટુર્નામેન્ટના નિયમો અમોને બંધનકર્તા રહેશે.

**કેપ્ટનની સહી** **યુનિટ અધિકારીની સહી અને સિકકો**

| **ક્રિકેટ ટુર્નામેન્ટના નિયમો** | |
|---|---|
| ૧. | ભાગ લેનાર દરેક યુનિટ ખેલાડીઓની આવવા–જવાની વ્યવસ્થા સ્વ–ખર્ચે કરવાની રહેશે. |
| ૨. | દરેક યુનિટમાંથી ૧૫ ખેલાડીઓ **(નવ કાયમી અને છ હંગામી કર્મચારીઓ)** ભાગ લઈ શકશે. જેમાં પ્લેઈંગ ઈલેવનમાં કાયમી કર્મચારીઓ ઓછામાં ઓછા **સાત** (૦૭) અને હંગામી (આઉટસોર્સિંગ, કોન્ટ્રાક્ટ) કર્મચારીઓ વધારેમાં વધારે **ચાર** (૦૪) હોવા જોઈએ. તેમજ હંગામી (આઉટસોર્સિંગ, કોન્ટ્રાક્ટ) કર્મચારીઓ ઓછામાં ઓછા **છ** (૦૬) માસથી જે તે યુનિટે સાથે સંપૂર્ણ રીતે સંકળાયેલા હોવા જોઈએ. |
| ૩. | ટુર્નામેન્ટ નોક આઉટ પધ્ધતિ મુજબ રમાડવામાં આવશે. દરેક નોક આઉટ મેચો, ક્વાર્ટર ફાઇનલ તેમજ સેમીફાઈનલ મેચો મર્યાદિત ૧૦ ઓવરની તથા ફાઈનલ મેચ ૧૨ ઓવરની રહેશે. વધુ ટીમોની એન્ટ્રી આવે તો સમય મર્યાદા અને સંજોગોને ધ્યાને રાખી મર્યાદિત ઓવરમાં ફેરફાર કરવાનો હક આયોજકશ્રીનો રહેશે. |
| ૪. | દરેક ટીમે **એન્ટ્રી ફી પેટે ટીમ દીઠ રૂ. ૨૧૦૦/–** તા.૦૬/૧૨/૨૪ સુધીમાં **ડૉ. બી.એમ. ટંડેલ**, અસ્પી બાગાયત મહાવિદ્યાલય અથવા **શ્રી ધર્મેશ પટેલ** યુનિવર્સીટી ભવન, નવસારી કૃષિ યુનિવર્સિટી ને રૂબરૂ જમા કરાવવાની રહેશે. સદર એન્ટ્રી ફી ખેલાડીઓએ સ્વ ખર્ચે ભોગવવાનો રહેશે. જેનો ખર્ચ કચેરીમાં પાડી શકાશે નહી. એન્ટ્રી ફી જમા નહી કરનાર ટીમ ટુર્નામેન્ટમાં ભાગ લઇ શકશે નહી. |
| **૫.** | સમગ્ર ટુર્નામેન્ટ ખન્ના સુપર બોલથી રમાડવામાં આવશે. જે ટુર્નામેન્ટનાં આયોજક દ્વારા આપવામાં આવશે. બેટ તેમજ અન્ય સામગ્રી ટીમે જાતે લાવવાની રહેશે. |
| ૬. | જે મેચો ૧૦ ઓવરની હશે તે મેચોમાં બે બોલર વધુમાં વધુ ત્રણ (૩) ઓવર અને બે બોલર બે ઓવર નાંખી શકશે. જયારે ૧૨ ઓવરની મેચ હશે તે મેચોમાં એક બોલર વધુમાં વધુ ૩ (ત્રણ) ઓવર નાંખી શકશે. |
| ૭. | મેચ ડ્રો અથવા ટાઈ થશે તો સુપર ઓવર રમાડવામાં આવશે તેમાં જે ટીમના રન વધુ હશે તેને વિજેતા જાહેર કરવામાં આવશે. ફક્ત સુપર ઓવરમાં વિકેટ પાડવાનો કોઈ નિયમ લાગુ પડશે નહીં.<br>• જો સુપર ઓવરમાં રન સરખા થશે, તો મેચ દરમ્યાન, જે ટીમની વિકેટ ઓછી હશે તેને વિજેતા જાહેર કરવામાં આવશે.<br>જો સુપર ઓવરના રન અને મેચ દરમ્યાનની વિકેટ સરખી હશે તો ટોસ ઉછાળીને વિજેતા નક્કી કરવામાં આવશે. |
| ૮. | થ્રો એકશન બોલીંગ માન્ય રહેશે નહી, મેચ દરમ્યાન આ અંગેના વિવાદમાં કે અન્ય કોઈ વિવાદમાં અમ્પાયરનો નિર્ણય આખરી રહેશે જે દરેકને બંધનકર્તા રહેશે. |
| ૯. | મેચ દરમ્યાન નો–બોલ, વાઈડ બોલ, અને બાય/લેગ બાયના રન ગણવાના રહેશે, પરંતુ નો બોલમાં ફ્રી–હીટ આપવામાં આવશે નહી. |
| ૧૦. | મેચ દરમ્યાન એલ.બી. ડબલ્યુ નો નિયમ રાખવામાં આવશે નહી. |
| ૧૧. | ટુર્નામેન્ટ દરમ્યાન ભાગ લેનાર દરેક ટીમે એક સરખા ડ્રેસ કોડ તેમજ સ્પોર્ટ્સ શૂઝ (મેટલ સ્પાઇક્સ શૂઝ પહેરી શકાશે નહી) પહેરવાના રહેશે. જે ટીમે સ્વ–ખર્ચે ભોગવવાનો રહેશે. |
| ૧૨. | દરેક ઇનિંગ માટે નવો બોલ ઉપયોગમાં લેવામાં આવશે, ચાલુ મેચ દરમ્યાન બોલ ફાટી જાય કે ખોવાઈ જાય તો તેના બદલે બીજો બોલ આપવામાં આવશે. |
| ૧૩. | દરેક ટીમને મેચ માટે આપવામાં આવેલ સીડ્યુલના ત્રીસ મિનીટ પહેલા મેદાન ઉપર હાજર રહેવાનુ રહેશે. દરેક મેચમાં રમનાર ૧૧+૧ ખેલાડીઓ સહિત ૧૨ ખેલાડીના નામની યાદી આપવાની રહેશે. |
| ૧૪. | મેચના સમયે ટીમ સ્થળ ઉપર હાજર રહેશે નહીં તો મેચના સમયથી ૧૫ મિનીટ બાદ ટીમને ગેર હાજર ગણી સામેની ટીમને વિજેતા જાહેર કરવામાં આવશે. એવા કિસ્સામાં આયોજકશ્રીનો નિયમ આખરી ગણાશે. |
| ૧૫. | હંગામી ( આઉટ સોર્સિંગ કોન્ટ્રાક્ટ) કર્મચારીની ટીમમાં પસંદગી કરતી વખતે કર્મચારી ઓછામાં ઓછા છ માસથી વધારે જે તે યુનિટ સાથે સંકળાયેલ હોવો જોઈએ એ બાબતની ખાસ કાળજી લેવી. આ અંગે જો કોઈ વિવાદ ઉભા થાય તો આયોજકશ્રીનો નિયમ માન્ય ગણવો. |
| ૧૬. | બેસ્ટમેન તથા વિકેટ કીપર કોઈ પણ પ્રકારના ગ્લોઝ (હાથમાં પહેરવાના મોજા) પહેરી શકશે નહી. |
| ૧૭. | સમય તેમજ સંજોગો-વસાત તારીખ તેમજ મેચના સમયમાં ફેરફાર કરવાનો અધિકાર ફક્ત આયોજકશ્રીનો રહશે. જે દરેક ટીમે માન્ય રાખવાનો રહશે. |
| ૧૮. | **આઠ અથવા આઠ કરતા વધુ ટીમ હશે તો જ સ્પર્ધા રમાડવામાં આવશે.** |

# <u>ટુર્નામેન્ટની રૂપરેખા</u>

| ક્રમ | વિગત | તારીખ | સમય |
|---|---|---|---|
| ૧ | ટુર્નામેન્ટ જાહેરાતની તારીખ | ૦૨/૧૨/૨૪ | - |
| ૨ | ટીમ અને ખેલાડીઓની યાદી મોકલવાની છેલ્લી તારીખ | ૦૫/૧૨/૨૪ | ૧૭.૦૦ કલાક સુધીમાં |
| ૩ | ક્રિકેટ લોટસ પાડવાની તારીખ અને સમય | ૦૬/૧૨/૨૪ | ૧૧.૦૦ કલાકે<br>સ્થળ :<br>નિયામક, વિદ્યાર્થી કલ્યાણની કચેરી<br>ન.કુ.યુ., નવસારી |
| ૪ | ટુર્નામેન્ટનો ઉદ્દઘાટન કાર્યક્રમ | ૦૭/૧૨/૨૪ | સવારના ૯.૦૦ કલાકે<br>સ્થળ : યુનિવર્સીટી પ્લે ગ્રાઉન્ડ<br>ન.કુ.યુ., નવસારી |
| ૫ | ક્રિકેટ ટુર્નામેન્ટની નોક આઉટ, ક્વાર્ટર, સેમી અને ફાઈનલ મેચ રમાડવાની તારીખ | ૦૭/૧૨/૨૪ થી ૦૯/૧૨/૨૪ | સવારના ૯.૦૦ થી સાંજના ૫.૦૦ સુધી<br>સ્થળ : યુનિવર્સીટી પ્લે ગ્રાઉન્ડ<br>ન.કુ.યુ., નવસારી |
| ૭ | ટુર્નામેન્ટનો ઈનામ વિતરણ કાર્યક્રમ | ૦૯/૧૨/૨૪ | ફાઈનલ મેચ પત્યા પછી<br>સ્થળ : યુનિવર્સીટી પ્લે ગ્રાઉન્ડ<br>ન.કુ.યુ., નવસારી |

**નોધ : ૧.અનાવશ્યક સંજોગોને આધીન સદર કાર્યક્રમના સમય અને તારીખમાં ફેરફાર આયોજકશ્રી કરી શકશે.**
**૨. લોટસ પાડવાની તારીખે દરેક ટીમના કેપ્ટનશ્રીઓએ હાજર રહેવા વિનંતી .**